
DEPARTMENT OF SCIENCE & TECHNOLOGY
GOVERNMENT OF GUJARAT

SCIENCE CITY
AHMEDABAD

વિશ્વનો સૌથી શ્રેષ્ઠ & વિશાળ સાયન્સ પાર્ક








ગુજરાત સાયન્સ સિટી

સમાજને વિજ્ઞાન સાથે જોડવું!









IMAX 3D

IMAX 3D, વર્લ્ડ ક્લાસ થ્રીડી ઈફેક્ટ સાથે આઈમેક્સ થ્રીડી થિયેટર એ અત્યાર સુધી કલ્પના કરવામાં આવેલ સૌથી શક્તિશાળી અને મંત્રમુગ્ધ કરનાર અકલ્પ્ય અનુભવ છે.

એક્વેટિક ગેલેરી

સાયન્સ સિટીમાં આવેલી એક્વેટિક ગેલેરી ભારતનું સૌથી મોટું એક્વેરિયમ છે. જ્યાં વિશ્વભરની જળચર પ્રજાતિઓ જોવા મળે છે. અહીં ૬૮ ટેન્કમાં શાર્ક સહિત જુદા જુદા જળચર જીવો રાખવામાં આવ્યા છે. એક્વેટિક ગેલેરીને જુદા-જુદા ૧૦ વિભાગોમાં વિભાજિત કરવામાં આવી છે. જેમાં ભારતીય ઝોન, એશિયન ઝોન, આફ્રિકન ઝોન સહિત વિશ્વના મહાસાગરોનો સમાવેશ થાય છે.

- ૧૮૮ પ્રજાતિઓ
- ૧૧,૬૦૦ થી વધુ જળચર પ્રજાતિઓ
- 5D થિયેટર
- ૨૮ મીટર લાંબી શાર્ક ટનલ
- આફ્રિકન પેંગ્વીન
- વિશ્વભરની જળચર પ્રજાતિઓ



એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી

આ ગેલેરી ભારતની સૌથી મોટી ગેલેરીઓમાંની એક છે, જે લગભગ 12,797 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલી છે. તેની ડિઝાઇન સૂર્યમંડળના એબ્સ્ટ્રેક્ટ મોડલ પરથી પ્રેરિત છે. અહીં 172 બેઠકોવાળું હાઇબ્રિડ પ્લેનેટેરિયમ અને 24 ઇંચના ટેલિસ્કોપવાળું ઓબ્ઝર્વેટરી છે, જ્યાંથી આકાશીય અવલોકન કરી શકાય છે. ઉપરાંત 150 થી વધુ પ્રદર્શન અને માહિતીપ્રદ ડિસ્પ્લે અહીં ઉપલબ્ધ છે.



રોબોટિક્સ ગેલેરી

અદ્યતન રોબોટિક્સ ગેલેરી ૧૧,૦૦૦ ચો.મીટરના વિસ્તારમાં ફેલાયેલી છે. અહીં વિવિધ પ્રકારના રોબોટ્સ રાખવામાં આવ્યા છે. જેમાં તબીબી, કૃષિ, અવકાશ, સંરક્ષણ અને રોજિંદા જીવનમાં ઉપયોગમાં આવતા રોબોટ્સનો સમાવેશ થાય છે. અહીં તમે રોબો કાફેમાં જઈ રોબો શેફ દ્વારા તૈયાર કરાયેલા અને રોબો વેઈટર્સ દ્વારા પીરસવામાં આવતા ભોજનનો પણ સ્વાદ લઈ શકો છો. અહીં સ્વાગત કક્ષમાં માનવીય સંવેદનાઓ વ્યક્ત કરતો રોબોટ પણ જોઈ શકાય છે. જે આનંદ, ઉત્સાહ અને ઉત્તેજના જેવી લાગણીઓ વ્યક્ત કરે છે.

- ૭૯ પ્રકારના રોબોટ્સ
- રોબો કાફે
- VR/AR ગેલેરી
- હ્યુમનોઇડ્સ રોબોટ્સ
- ૨૦૨ રોબોટ્સ



મલ્ટીમીડિયા લેસર એન્ડ ફાઉન્ટેન શો

સાયન્સ સિટીમાં યોજાતો મ્યુઝિકલ ફાઉન્ટેન શો 36x16 મીટરના પાણીના પડદા અને 16x9 મીટરના બે અન્ય સ્ક્રીનો સાથે મળીને 3D પ્રોજેક્શન દ્વારા અદભુત દ્રશ્યનો અનુભવ કરાવે છે.



નેચર પાર્ક

નેચર પાર્ક એ ૨૦ એકર વિસ્તારમાં ફેલાયેલો વિશાળ પાર્ક છે. નેચર પાર્કમાં વિવિધ પ્રજાતિના છોડ અને વૃક્ષોથી આચ્છાદિત નયનરમ્ય પરિદ્રશ્ય જોવા મળે છે. તેમાં એક ઓપન જીમ અને બાળકો માટે ખાસ પ્લે એરિયા પણ છે. આ ઉદ્યાનમાં વૈજ્ઞાનિક માહિતીથી સભર મેમથ, ટેરર બર્ડ, સેબર ટુથ લાયન જેવા લુપ્ત થઈ ગયેલા પ્રાણીઓના વિવિધ શિલ્પો પણ છે.

- વૉકિંગ અને જોગિંગ ટ્રેક
- ઓપન જીમ
- બટરફ્લાય ગાર્ડન
- ચેસ અને યોગા ગાર્ડન
- મિસ્ટ બામ્બૂ ટનલ
- વિવિધ પ્રાણીઓના શિલ્પ



એમ્ફીથિયેટર

ગુજરાત સાયન્સ સિટીનું એમ્ફીથિયેટર ૧૨૦૦ લોકોની બેઠક ક્ષમતા ધરાવતું ઓપન એર થિયેટર છે. જેમાં વિવિધ વિજ્ઞાનલક્ષી પ્રદર્શન, સાયન્સ મેજીક શો અને અન્ય મનોરંજનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અહીં વિદ્યાર્થીઓ ઉત્તેજના, લાગણી અને ઊર્જા સાથે પરસ્પર સંવાદથી વિજ્ઞાનના તથ્યો, આંકડાઓ અને વિજ્ઞાનની તાર્કિક સમજ મેળવે છે.





એનર્જી એજ્યુકેશન પાર્ક

એનર્જી એજ્યુકેશન પાર્કનો ઉદ્દેશ ઉર્જાના સંરક્ષણ અને ઘટતા કુદરતી સંસાધનો વિશે સંદેશ ફેલાવવાનો છે.અહીંના પ્રદર્શનોને ભારતીય સંસ્કૃતિના પાંચ મૂળભૂત તત્વો (પંચમહાભૂત) પ્રમાણે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. જેમાં,(૧) તેજ (સૂર્યમાંથી ઊર્જા) (૨) મરુત (પવનમાંથી ઊર્જા) (૩) આપ (પાણીમાંથી ઊર્જા)(૪) ક્ષિતિ (પૃથ્વીમાંથી ઊર્જા) (૫) વ્યોમ (અવકાશનું સંશોધન)




વિજ્ઞાન ભવન

સાયન્સ સિટીમાં આવેલ વિજ્ઞાન ભવન સંપૂર્ણ વાતાનુકૂલિત PEB બિલ્ડિંગ છે, જે LED સ્ક્રીન અને આકર્ષક સ્ટેજથી સજ્જ છે અને આશરે ૫૦૦૦ પ્રેક્ષકોની બેઠક ક્ષમતા સાથે મોટા પાયે વિજ્ઞાન કાર્યક્રમો, પરિષદો વગેરે માટે આદર્શ સ્થળ છે.



નોબલ ડોમ

નોબેલ ડોમ એ શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રવાસી વૈજ્ઞાનિક પ્રદર્શનો તેમજ રોબોટિક્સ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ડ્રોન મેકિંગ, ટેલિસ્કોપ મેકિંગ, IOT, ફન ફિઝીક્સ વગેરે જેવા વિજ્ઞાન અને ટેકનોલોજી વર્કશોપ્સનું આયોજન કરવા માટેનું એક આદર્શ પ્લેટફોર્મ છે. જે ૫૦૦ બેઠકોની ક્ષમતા ધરાવતો વાતાનુકૂલિત PEB ડોમ છે.





હોલ ઓફ સાયન્સ

હોલ ઓફ સાયન્સ એક મોટી ખુલ્લી પ્રયોગશાળા છે, જ્યાં મુલાકાતીઓ હેન્ડ્સ ઓન એક્ઝીબીટ્સમાં સામેલ થાય છે અને શોધ પ્રક્રિયા દ્વારા વિજ્ઞાન ને શીખે છે. અહીં મુલાકાતીઓ પ્રકાશ, દ્રષ્ટિ, અરીસાઓ, ગતિશાસ્ત્ર, ધ્વનિ, ઊર્જા જેવા વિવિધ એક્ઝીબીટ્સ ક્ષેત્રોમાં ફરીને સ્વસ્પર્શથી એક્ઝીબીટ્સને સમજે છે.





હોલ ઓફ સ્પેસ

હોલ ઓફ સ્પેસ એક મનમોહક પ્રદર્શની છે જે મુલાકાતીઓની કલ્પનાને આકર્ષિત કરે છે અને સાથે-સાથે મિશન ટુ માર્સ સિમ્યુલેટર રાઇડમાં સૌરમંડળની યાત્રાનો રોમાંચક અનુભવ પણ કરાવે છે.

ચિલ્ડ્રન એક્ટિવિટી સેન્ટર

ચિલ્ડ્રન એક્ટિવિટી સેન્ટર, વિજ્ઞાન વિશે બાળકની જિજ્ઞાસાને પ્રજ્વલિત કરવા માનવ શરીરની પ્રણાલીઓ, રાસાયણિક પ્રતિક્રિયાઓ, ભૌતિકશાસ્ત્રના પ્રયોગો અને પ્રદર્શનો સહિત ખાસ ક્યુરેટેડ હેન્ડ-ઓન પ્રવૃતિઓ માટે એક આદર્શ સ્થળ છે.









થ્રીલ રાઇડર

૩૦ બેઠકોવાળી સિમ્યુલેટર આધારિત થ્રિલ રાઇડમાં મુલાકાતીઓને રોલર કોસ્ટર, એરોબેટિક વિમાન, ડાયનો સફારી, પિરામિડ યાત્રા જેવી વિવિધ રોમાંચક સફરનો અનુભવ મળે છે.



લાઈફ સાયન્સ પાર્ક

લાઈફ સાયન્સ પાર્કનો ઉદ્દેશ વિજ્ઞાન અને પ્રકૃતિને જીવંત કરવાનો છે અને બાળકોને આ ગ્રહ પર પ્રકૃતિ અને જીવનની જાળવણીના અભ્યાસમાં પ્રેરિત કરવાનો છે. લાઈફ સાયન્સ પાર્કના મુખ્ય આકર્ષણોમાં નદી પ્રણાલી, જીવનની ઉત્ક્રાંતિ, બટરફ્લાય ગાર્ડન, કેક્ટસ એન્ડ સક્યુલન્ટ કોર્નર, એવિઅરી અને નોન-ફ્લાઇંગ બર્ડ કોર્નર, સુગંધિત ફૂલછોડ, ઔષધીય છોડ, સુશોભન માટે ના છોડ તેમજ ટિશ્યુ કલ્ચર લેબનો પણ સમાવેશ થાય છે.

પ્લેનેટ અર્થ

પ્લેનેટ અર્થ આપણી પૃથ્વીની ઉત્કૃષ્ટ સુંદરતા અને સત્યોને પ્રકાશિત કરે છે. મુલાકાતીઓને વિવિધ પ્રકારની કુદરતી આફતો જેવી કે ભૂકંપ, જ્વાળામુખી, ભૂસ્ખલન વગેરે વિશે શિક્ષિત કરે છે. આ પેવેલિયનમાં જીવન ઉત્ક્રાંતિ, માનવ શરીરરચના, કૃષિ, ખડકો અને ખનીજો, જૈવવિવિધતા, ઊર્જા સ્ત્રોતના પ્રદર્શનો સહિત 4D થિયેટર અને કોલસાની ખાણ પણ આવેલી છે.





ROUTE 1

1. હોલ ઓફ સ્પેસ એન્ડ સાયન્સ
2. થ્રિલ રાઈડ
3. લાઈફ સાયન્સ પાર્ક
4. એનર્જી એજ્યુકેશન પાર્ક
5. પ્લેનેટ અર્થ
6. રોબોટિક્સ ગેલેરી
7. એક્વાટિક ગેલેરી
8. નેચર પાર્ક
9. મ્યુઝિકલ ફાઉન્ટેન

ROUTE 2

8. નેચર પાર્ક
5. પ્લેનેટ અર્થ
6. રોબોટિક્સ ગેલેરી
7. એક્વાટિક ગેલેરી
1. હોલ ઓફ સ્પેસ એન્ડ સાયન્સ
2. થ્રિલ રાઈડ
3. લાઈફ સાયન્સ પાર્ક
4. એનર્જી એજ્યુકેશન પાર્ક
9. મ્યુઝિકલ ફાઉન્ટેન

ROUTE 3

7. એક્વાટિક ગેલેરી
6. રોબોટિક્સ ગેલેરી
5. પ્લેનેટ અર્થ
3. લાઈફ સાયન્સ પાર્ક
4. એનર્જી એજ્યુકેશન પાર્ક
8. નેચર પાર્ક
1. હોલ ઓફ સ્પેસ એન્ડ સાયન્સ
2. થ્રિલ રાઈડ
9. મ્યુઝિકલ ફાઉન્ટેન



Gujarat Council of Science City

Department of Science and Technology, Govt of Gujarat

Science City Road, Ahmedabad - 380060

9909991361 079 297 031 22 10:00 AM to 8:00 PM

sciencecity.gujarat.gov.in @ScienceCity @GujScienceCity @GujScienceCity @GujScienceCity